# થાયરોકેર, ઉજ્જીવનનો IPO આગામી સપ્તાહમાં મૂડીબજારમાં

નવગુજરાત સમય > અમદાવાદ

ડાયગ્નોસ્ટિક કંપની થાયરોકેર ટેક્નોલોજીસ અને માઈક્રોફાઈનાન્સ ધિરાણકર્તા ઉજ્જીવનનો આઈપીઓ આગામી સપ્તાહે આઈપીઓ દ્વારા મૂડીબજારમાં પ્રવેશશે. ઉજ્જીવીનનો આઈપીઓ ૨૮ એપ્રિલના ખુલીને ૨ મે ૨૦૧૬ના બંધ થશે. કંપની આઈપીઓમાં ૨,૪૯,૬૮,૩૩૨ ફ્રેશ શેર્સ ઓફર કરશે. કંપનીએ પ્રી આઈપીઓ પ્લેસમેન્ટ દ્વારા ₹૧,૪૨,૩૬,૦૫૭ કરોડ ઈક્વિટી શેર વેચીને ₹૨૯૨ કરોડ એકત્ર કર્યા હતા. સેબીમાં જમા કરાવેલા ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ મુજબ કંપનીએ ₹૬૫૦ કરોડના ફ્રેશ શેર ઓફર કરવાનું જણાવ્યું હતું જેનું કદ પાછળથી ઘટાડ્યું છે. થાયરોકેરનો ₹૪૨૦-૪૪૬ની પ્રાઇસ બેન્ડનો આઈપીઓ ૨૭ એપ્રિલના ખુલશે અને ૨૯ એપ્રિલના બંધ થશે. કંપની આઈપીઓમાં ૧,૦૭,૪૪,૭૦૮ ઈક્વિટી શેર ઓફર કરશે. કંપનીના વર્તમાન શેરધારકો એ વેલુમણી એચયુએફ અને આનંદ વેલુમણી દ્વારા શેરનું વેચાણ કરાશે.